









ગ્લોબલ ટ્રેડ શોં : વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭ નિમિત્તે યોજાયેલ ગ્લોબલ ટ્રેડ શોં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ૧૫૦૦ કંપનીઓ અને સરકારી વિભાગો દ્વારા અદ્ભુત પ્રસ્તુતિના પગલે મુલાકાતીઓ માટે માહિતીનો ભંડાર ઠલવાયો છે. વિવિધ થીમ ઉપર ઉભા કરાયેલા સ્ટોલ્સમાં ગુજરાત દેશ અને વિદેશના સંશોધનો સ્થાપત્યો અને શ્રદ્ધા કેન્દ્રોની માહિતી રજૂ કરેલ છે.

# ગાંધીનગરના દશરથભાઈ દેશમાં એ.સી. સોફાના પ્રથમ ઉત્પાદક

**શહેરના દશરથભાઈ પટેલને એ.સી., સોફાની બનાવટ માટે ગ્લોરી ઓફ ઈન્ડીયા, મેક ઈન ઈન્ડીયા સહીત અનેક એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા છે : એક થી દોઢ લાખની કિંમતના એ સી સોફા ધાર્મિક અને લગ્નપ્રસંગમાં વિશેષ ઉપયોગી નિવડે છે : દેશમાં પ્રથમ એ.સી., સોફા બનાવનાર દશરથભાઈને મોડેલ વોટર કુલર બનાવવુ છે**

ગાંધીનગર તા ૧૧

વાઈબ્રન્ટ ટ્રેડ શો માં એ સી સોફા આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે.



ગાંધીનગરની ડી પી ઈન્ડસ્ટ્રીઝના દશરથભાઈ પટેલે ટ્રેડ શો ના એક ડોમમાં એ સી સોફાનુ ડિસ્પલે કર્યુ છે. અત્યાર સુધી તેમણે બરોડા અને રાજકોટમાં ૮ એ સી સોફાનુ વેચાણ કર્યુ છે. જયારે આ નવિન અને ઉપયોગી બનાવટ રજુ કરવાની સિધ્ધિને ભારત સરકારે પણ બિરદાવી છે. તેમને અત્યારસુધીમાં ગ્લોરી ઓફ ઈન્ડીયા, ઉદ્યોગ રત્ન તેમજ મેક ઈન ઈન્ડીયાનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના આંગણે અસ્તિત્વમાં આવેલા ટ્રેડ શો માં દેશ વિદેશની અનેક નામી કંપનીઓએ હિસ્સો લીધો છે. જયારે આ ટ્રેડ શો માં અવનવા આકર્ષણો જોવા મળી રહયા છે. વિવિધ કંપનીઓ પોતપોતાની પ્રોડકટસને રજુ કરી મુલાકાતીઓને આ અંગે સમજણ પુરી પાડે છે. જયારે ટ્રેડ શો માં નગરની ડી પી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પણ પોતાની પ્રોડકટ ડિસ્પલે કરવામાં આવી છે. જેમાં એ સી સોફા મુલાકાતીઓ માટે આકર્ષણરૂપ બન્યા છે. ડી પી ઈન્ડસ્ટ્રીઝના દશરથ પટેલના જણાંવ્યા મુજબ મોટાભાગે ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગ સહીતના અન્ય કાર્યક્રમમાં ગરમીના દિવસોમાં આ સોફા ઉપયોગી નિવડે છે. મોટાભાગે લગ્ન અને ધાર્મિક પ્રસંગે એ સી સોફા હવે ડિમાન્ડમાં આવી રહયા છે. અત્યારસુધી તેમણે બરોડા અને રાજકોટમાં ૮ જેટલા સોફા વેચાણથી પણ આપ્યા છે. જયારે એ સી સોફા ભાડે આપવા માટે રૂ ૩૦ હજાર જેટલુ ભાડુ પણ વસુલવામાં આવે છે. સોફાની કિંમત સવા થી દોઢ લાખ રૂપિયા છે. ટ્રેડ શો માં એ સી અને આરામદાયક સોફામાં બેસવાનો આનંદ માંણતા મુલાકાતીઓ પણ આ નવી પ્રોડકટને નિહાળી દંગ રહી જાય છે. સે-૪ સી માં રહેતા દશરથભાઈના જણાંવ્યાં મુજબ આગામી દિવસોમાં તેઓ નમુનારૂપ વોટર કુલર બનાવાની પણ ખેવના ધરાવે છે. જેથી વોટર કુલર નીચે ગંદકી ન થાય અને મોડેલ કુલર નાગરિકોને ઉપયોગી થઈ શકે.

**● ડીઝીટલ પેમેન્ટની માહિતી**

નોટબંધી બાદ દેશવાસીઓ ડીઝીટલ પેમેન્ટ તરફ વળ્યા છે, ત્યારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા પણ ટ્રેડ શો માં એક સ્ટોલ મુકી ડીઝીટલ




પેમેન્ટ સરળ અને ઝડપી પદ્ધતિથી કેવી રીતે કરી શકાય તેની માહિતી આપવામાં આવી રહી છે.

**● સ્માર્ટ ડસ્ટબીન**

માય યંગ અર્બન કંપની દ્વારા એક સ્ટોલ ટ્રેડ શૉ માં મુકવામાં આવ્યો છે. જેમણે સ્માર્ટ ડસ્ટબીન બનાવ્યુ છે. ડસ્ટબીનમાં એક ડીવાઈસ મુકેલુ છે જે ડસ્ટબીન હાઉસફુલ થાય તેની પણ તંત્રને જાણ કરી અને કચરો નાંખે તે




વ્યક્તિને પણ રીવોર્ડ પોઈન્ટ આપીને આર્થિક ઉપાર્જન કરાવી આપે..! અમુલ મીલ્ક, પેટ્રોલ-ડીઝલ, જેવી ચીજવસ્તુમાં રીવોર્ડનો લાભ મળી શકે..!

**● આરટીઓ લાયન્સ નહી, મોત આપી રહી છે..!**

વિદેશના એક સર્વેમાં ધ્યાને આવ્યુ કે ટ્રેનીંગ વગરના વાહનચાલકને



ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવે તો તે લાયસન્સ નહી પરંતુ મોત અપાય છે તેમ કહી શકાય. કેમ કે તે અકસ્માત સર્જે તો પોતાનું અને અન્ય વ્યક્તિનો પણ જીવ લઈ શકે છે. જેને ધ્યાને રાખી લાયસન્સ આપતા પહેલા ડ્રાઈવરને સંપુર્ણ ટ્રેનીંગ અપાય તે માટે એક કંપનીએ પોર્ટેબલ ટ્રેનીંગ સોલ્યુશન બનાવ્યુ છે. થ્રીડી ઈમેજ વીઝ્યુઅલ કરાવી તમામ સીઝન ઉપરાંત રસ્તાઓ, વળાંકો સોફ્ટવેરમાં મુકી તેમાં ડ્રાઈવીંગ કરાવવાની તાલીમ આ મશીન આપશે.

## બે વર્ષમાં ગુજરાતના બિઝનેસ કોરીડોરમાં એલ.એન.જી. બસ દોડશે

ગુજરાતમાં આગામી દિવસોમાં એલ એન જી સંચાલિત બસ દોડતી જોવા મળશે. હાલ એલ એન જી બસ કેરલમાં દોડે છે. એલ એન જી ની દેશમાં આયાત કરવી પડે છે. જયારે આ પ્રોજેકટને વેગ મળે તે માટે ગ્લોબલ ટ્રેડ શો માં પણ વિવિધ માહીતી પુરી પાડવા ઓન સ્ક્રીન ડિસ્પલે પણ રજુ કરવામાં આવ્યુ છે.



એલ એન જી લીકવીડ નેચરલ ગેસ આધારિત વાહન સંચાલિત થાય તે અંગેનો પ્રોજેકટ ગાંધીનગરના ટ્રેડ શો માં રજુ કરાયો છે. ટ્રેડ શો માં કેરલની કંપનીના મોહન અરોરાએ આ અંગે જણાંવ્યુ હતુ કે લિકવીડ ગેસની હાલ દેશમાં આયાત કરવી પડે છે. જેના આધારે વાહન સી એન જી વાહનની જેમ દોડે છે. પરંતુ નેચરલ ગેસનુ પ્રોડકશન દેશમાં ન હોવાથી હાલ આયાત કરવામાં આવે છે. તેમના જણાંવ્યા મુજબ આ નેચરલ ગેસ સંચાલિત બસ કેરલમાં દોડે છે. જયારે આગામી વર્ષ ૨૦૧૮ સુધીમાં ગુજરાતના બિઝનેસ કોરીડોરમાં આ પ્રકારની બસ દોડે તેવી સંભાવના છે.

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શિક્ષણ અને માઈનિંગ ક્ષેત્રે વિકાસની વિપુલ સંભાવનાઓ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શિક્ષણ, માઈનીંગ, વોટર અને સ્પોર્ટસ સેકટરમાં પરસ્પર સહયોગ દ્વારા વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી હોવાનું ઓસ્ટ્રેલિયાના ભારત ખાતેના હાઈકમિશનર શ્રીમતી હરીન્દર સીધુએ જણાવ્યું હતું.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ અંતર્ગત આજરોજ મહાત્મા મંદિર ખાતે આયોજીત



ઓસ્ટ્રેલિયાના કંટ્રી સેમિનારમાં ઉપસ્થિત રહેલા શ્રીમતી સીધુએ વધુમાં જણાવ્યું કે, ભારતમાં માઈનીંગ ક્ષેત્રે વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. ઓસ્ટ્રેલિયા દ્વારા આ ક્ષેત્રે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઓસ્ટ્રેલિયાની ૭૦ ટકા ઈકોનોમી સર્વિસ સેકટર સાથે સંકળાયેલી હોવાથી મોર્ડન ઈકોનોમી, નવા આઈડીયા, નોલેજ અને ઈનોવેશન માટે ઓસ્ટ્રેલિયા-ભારત અને ઓસ્ટ્રેલિયા-ગુજરાત વચ્ચે પરસ્પર વિકાસની સંભાવના રહેલી હોવાનું શ્રીમતી સીધુએ જણાવ્યું હતું.

રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રી પંકજકુમારે જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં વિકાસની સમાન તકો રહેલી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સ્કીલ અને એજયુકેશનલ ફિલ્ડમાં ઓસ્ટ્રેલિયા ભારત માટે ઉત્તમ દેશ છે. કલીન એનર્જી, એગ્રીકલ્ચર, સ્માર્ટ સીટી વોટર જેવા ક્ષેત્રોમાં વિકાસની શકયતાઓ રહેલી છે. ઓસ્ટ્રેલિયા ભારત માટે સસ્તુ, સલામત અને આનંદદાયક હોવાથી તેની મુલાકાત લેવા તેમણે ખાસ અનુરોધ કર્યો હતો.

ઓસ્ટ્રેલિયા-ઈન્ડિયા કાઉન્સિલના ચેરપર્સન શ્રી અશોક જેકોબે જણાવ્યું કે, શિક્ષણ માટે ઓસ્ટ્રેલિયા પસંદગીનો દેશ હોવાથી ભારતના પેરેન્ટસ દર વર્ષે ૧૦ બિલિયન ડોલર જેટલો ખર્ચ ઓસ્ટ્રેલિયામાં શિક્ષણ પાછળ ખર્ચે છે.

કંટ્રી સેમિનારમાં ઉપસ્થિત રહેલા યુનિવર્સિટી ઓફ વોલોન્ગોગના ટ્રાન્સનેશનલ એજયુકેશન એન્ડ એલીયન્સિસ, ઈન્ટરનેશનલ સર્વિસીસ એન્ડ ડેવલપમેન્ટના ડાયરેક્ટર ડૉ. બીલ દમાચીસે જણાવ્યું કે, ભારત માઈનીંગ સમૃદ્ધ દેશ હોવાથી અહીં માઈનીંગમાં સલામતી અને તાલીમના ક્ષેત્રમાં વિકાસની સંભાવનાઓ રહેલી છે. ભારતમાં રીસર્ચ, શિક્ષણ અને તાલીમ સુવિધા વધારવા ઉપર તેમણે ખાસભાર મૂક્યો હતો.

સેમિનારમાં ન્યુ સાઉથ વેલ્સ, સ્પેશ્યલ એન્વોય ફોર ઈન્ડિયા શ્રી બેરી ઓ'ફોરેલ, ઓસ્ટ્રેલિયા-ઈન્ડિયા બિઝનેશ કાઉન્સિલના રાષ્ટ્રિય અધ્યક્ષ શ્રીમતી શેબા નંદકેલ્યાર વગેરેએ પ્રાસંગિક વકતવ્ય આપ્યા હતા.

## વાયબ્રન્ટ સમિટમાં બે દિવસમાં ૫૦ દર્દી નોંધાયા

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. મહાત્મા મંદિર અને સેકટર-૧૭ ખાતે આયોજીત એક્ઝીબેશન હોલમાં હજ્જારો મહેમાનો આવે છે ત્યારે મહેમાનોની આગતા-સ્વાગતામાં કોઈ કમી રહી ન જાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. ત્યારે મહેમાનોના સ્વાસ્થ્યને અનુલક્ષી ખાસ ૧૪થી વધુ મેડીકલ ટીમો તૈનાત કરાઈ છે. ત્યારે વાયબ્રન્ટમાં છેલ્લા બે દિવસમાં અંદાજીત ૫૦થી વધુ દર્દીઓ નોંધાવા પામ્યા છે. જેમાં મહાત્મા મંદિર ખાતે ૨૩ દર્દીઓ હાઈ બ્લડપ્રેશરના તેમજ ટ્રેડ શૉ ખાતે ૯ કેસ ઝાડા-ઉલ્ટીના અને ૧૨ કેસ શરદી-ખાંસી અને તાવના નોંધાવા પામ્યા છે. આ તમામ દર્દીઓને સ્થળ પર રહેલ મેડીકલની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી છે.

## અમદાવાદનો મેટ્રોરેલ પ્રોજેક્ટ ૨૦૧૮ સુધીમાં પૂર્ણ થશે

અમદાવાદનો મહત્ત્વાકાંશ્રી મેટ્રોરેલ પ્રોજેક્ટ માર્ચ ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરાશે તેમ નાયડુએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું. આ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થાય તે માટે કેન્દ્ર સરકાર ગંભીર છે અને તે માટે અત્યાર સુધીમાં ૮૦૦ કરોડ રુપિયા પણ રીલીઝ કરી દીધાં છે. મેટ્રોનું પ્રથમ તબક્કાનું અંદાજે ૩૬ કિ.મી.ની કામગીરી વર્ષ ૨૦૧૮ સુધીમાં પૂર્ણ થશે. સ્માર્ટ અને રહેવાલાયક શહેરો-તકો અને પડકારો વિષય ઉપર યોજાયેલા ચર્ચાસત્રમાં કેન્દ્રસરકારના પ્રતિનિધિ તરીકે શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુ ઉપસ્થિત રહ્યાં હતાં.

નાયડુએ એમ પણ જણાવ્યું કે આગામી માસમાં દેશના વધુ ૪૦ સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં પસંદ થયેલાં શહેરીની યાદી બહાર પાડવામાં આવશે. દેશમાં મોદી મોડેલ-મેકિંગ ઓફ ડેવલપમેન્ટ ઈન્ડિયા-ચાલી રહ્યું છે. વિદેશી ડેલિગેશનોને તેમણે ભારતના શહેરોના વિકાસ, આંતરમાળખાકીય સુવિધા અને અન્ય આનુષાંગિક વિકાસ કાર્યોના નિર્માણથી વિપુલ તકોનો ચિતાર આપી રોકાણ કરવા આમંત્રણ પાઠવ્યું હતું. કેન્દ્ર સરકાર માટે પોપ્યુલિઝમ નહીં, પીપલીઝમની જરૂરિયાત મહત્વની છે તેમ કહેતાં નાયડુએ કહ્યું કે ગુજરાત રાજ્ય ઈકોનોમિક એકસપ્રેસ હાઈ-વે ઓફ ઈન્ડિયા બની રહ્યું છે. તેમણે વિકાસના ગુજરાત મોડેલને "ફલેવર ઓફ કન્ટ્રી" ગણાવ્યું હતું.

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉપક્રમે ઈન્સ્પાયરીંગ પોલેન્ડ બિઝનેસ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ ગ્લોબલ સમિટના માધ્યમથી પોલેન્ડ સાથે વ્યાપારની તકો વિસ્તૃત થશે તેમજ મૂડી રોકાણ, તાલીમ અને જ્ઞાનના આદાન-પ્રદાનથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે.

આજે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉપક્રમે યોજાયેલા "ઈન્સ્પાયરીંગ પોલેન્ડ બિઝનેશ" સેમિનારમાં ચાવીરૂપ પ્રવચન આપતા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, પોલેન્ડ વાયબ્રન્ટ ગુજરાતમાં કંટ્રી પાર્ટનર રહ્યું છે. યુરોપનું હૃદય એવા પોલેન્ડે ભારતમાં મૂડીરોકાણની હંમેશા તત્પરતા દાખવી છે. આના પરિણામે ગુજરાતમાં અનેક મૂડીરોકાણો આવશે જેનો લાભ ગુજરાત અને બંને દેશોને થશે તથા રોજગારીની તકો વધશે.

પોલેન્ડના આ બિઝનેશ સેમિનારમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોલેન્ડના પોડકા પારકી રીજીયન (**Pod Karpackie Region**) તથા મેઝોવિયા રીજીયન (**Mazovia Region**) અને ગુજરાત સરકાર વચ્ચે મૂડીરોકાણના સમજૂતી કરારો કર્યા હતા. આ સાથે પોલેન્ડની બકોમાં લી. (**Bakoma Ltd.**) અને ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક મોર્કેટીંગ ફેડરેશન વચ્ચે પણ સમજૂતી કરાર થયા હતા.

પોલેન્ડની મીનીસ્ટ્રી ઓફ ઈકોનોમિક્સના ડેપ્યુટી મીનીસ્ટર ટડેસ કોઝુન્સકીએ મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું.

## એમઆરએફ ટાયર ગુજરાતમાં ૪૫૦૦ કરોડનું રોકાણ કરશે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે વાયબ્રન્ટ સમિટના બીજા દિવસે એમ.આર.એફ. ગૃપના અધ્યક્ષશ્રી કે. એમ. મમેન વન-ટુ-વન બેઠક યોજીને રાજ્યમાં ગ્રીન ફિલ્ડ મેન્યુફેકચરીંગ પ્રોજેકટમાં રૂ. ૪૫૦૦ કરોડના રોકાણના **MOU GIDC** સાથે કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ટાયર અને રબર ઉત્પાદનના ગ્લોબલ રેન્કીંગમાં વિશ્વની ટોપ ૨૦ કંપનીઝમાં સ્થાન ધરાવતી એમ.આર.એફ.ને ગુજરાતમાં આવકારતાં તેમના યુનિટની સ્થાપના માટે જરૂરી પરમિશન્સ ત્વરાએ આપવાની ખાતરી આપી હતી. ભરૂચના વાગરામાં સ્થપાનારો એમ.આર.એફ.નો આ પ્રોજેકટ મહિને એક મિલિયન ટાયરની ઉત્પાદન ક્ષમતા ધરાવનારો પ્રોજેકટ બનવાનો છે. જેના દ્વારા અઢી હજાર યુવાનોને રોજગારી મળશે.

ઉદ્યોગના અધિક મુખ્ય સચિવશ્રી તનેજા અને જીઆઈડીસીના વાઈસ ચેરમેન-એમ.ડી. શ્રીમતી ડી. થારા આ વેળાએ ઉપસ્થિત હતા.